# GUJARAT LEGISLATIVE ASSEMBLY ચૌદમી વિધાનસભા

# कार्यसूची

## ચોથું સત્ર

## સોમવાર, ૮ જુલાઈ, ૨૦૧૯

## <u>સવારે ૧૧:૦૦ વાગ્યે</u>

1. <u>પ્રશ્નોત્તરી</u>

<u>તારાંકિત પ્રશ્નોત્તરી</u>

(૧) માનનીય કૃષિ, ગ્રામ વિકાસ, વાહન વ્યવહાર મંત્રીશ્રી

(૨) માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબત, કુટીર ઉદ્યોગ, છાપકામ અને લેખન સામગ્રી મંત્રીશ્રી

(૩) માનનીય પ્રવાસન, મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી

(૪) માનનીય સહકાર, રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) (સ્વતંત્ર હવાલો)

2.

<u>સરકારી સંકલ્પ (નિયમ-૧૨૦)</u>

<u>માનનીય વૈધાનિક અને સંસદીય બાબતો ના ( રાજયકક્ષા ) મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાનો સંકલ્પ(૯૦ મિનિટ)</u>

તાજેતરમાં સંપન્ન થયેલ લોકસભાની ચુંટણીના પરિણામોથી પ્રદર્શિત થયેલ સ્પષ્ટ જનાદેશ ભારતના લોકશાહી શાસનના ઈતિહાસમાં લોકતંત્ર માટે નવા પરિણામો સ્થાપિત કરનાર બન્યો છે. કેન્દ્રમાં પૂર્ણ બહુમતીવાળી સરકાર રચાતા દેશને વિકાસ અને સમૃધ્ધિ તરફ લઈ જઈ નવા ભારતના નિર્માણ માટેનો માર્ગ વધુ સરળ બન્યો છે. છેલ્લા પાંચ વર્ષની કેન્દ્ર સરકારની કામગીરીને જનતા જનાર્દને બિરદાવીને સત્તામાં પુનઃ સ્થાપિત કરેલ છે.

અર્થવ્યવસ્થાનું યોગ્ય સ્થાપન, ગરીબી તેમજ બેરોજગારી દૂર કરવાના સંકલ્પને પ્રજાજનોએ તેમના મતાધિકારથી સમર્થન આપી જનમતથી જ જનતાના વિજયમાં પરિવર્તિત કરેલ છે. વડાપ્રધાનની રાષ્ટ્રભક્તિ, રાષ્ટ્રભાવના, રાષ્ટ્રપ્રેમ અને રાષ્ટ્રવાદનો આ અભૂતપૂર્વ વિજય છે. તેઓની કુનેહના ફળસ્વરૂપે દેશને સ્થિર સરકાર, પ્રામાણિક નેતૃત્વ તેમજ વિકાસનું નિશ્ચિત દિશાનિર્દેશન પ્રાપ્ત થયેલ છે. વૈશ્વિક સ્તરે ભારતનો પ્રભાવ વધારનાર ભારતના વડાપ્રધાન એક વૈશ્વિક નેતા તરીકે ઉભરી આવેલ છે. જેની નોંધ વિદેશમાં પણ લેવાઈ છે. વિશ્વના સૌથી મોટા લોકશાહી દેશનું સુકાન જનતાજનાર્દને પુનઃ ગુજરાતના પનોતા પુત્રને સોપ્યું તે ગુજરાત માટે ગૌરવની વાત છે.

રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે પ્રજાની અપેક્ષા, આંકાક્ષા સમજી તેને ચરિતાર્થ કરવા ઉપરાંત રાષ્ટ્રીય સુરક્ષા અને રાષ્ટ્રીય અસ્મિતા સુનિશ્ચિત કરવામાં આ સભાગૃહના આપણે સૌ સભ્યો પણ એકમત સાથે આગળ વધીને જનતા જનાર્દને આપેલ જનમતનો આદર કરી સમૃધ્ધ અને પ્રભાવશાળી રાષ્ટ્રનિર્માણના આ કાર્યમાં સહભાગી બનવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

3. <u>સરકારી વિધેયકો</u>

(1) સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૧૨-સન ૨૦૧૯નું ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ કરવા બાબત (સુધારા) વિધેયક

...........દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન

**<u>..... મહેસૂલ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા</u>**

(2) સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૧૩-સન ૨૦૧૯નું ગુજરાત જમીન મહેસૂલ (સુધારા) વિધેયક

...........દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન

**<u>..... મહેસૂલ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા</u>**

**(શ્રી રાજેન્દ્ર સૂર્યપ્રસાદ ત્રિવેદી),**
**अध्यक्ष ।**

**(શ્રી ડી. એમ. પટેલ),**
**सचिव।**

******************